૫

ક્રમાંક: એનએ/એસઆર/ ૫૦ ૨૯૦-૯૮ નં. જમીન/ડી/વશી/ ૯૮૧ /૯૮
કલેક્ટર કચેરી, વડોદરા.
તારીખ : ૨૬-૩-૧૯૯૮.

વંચ્યા :

૧) મામલતદારશ્રી,વડોદરા (શહેર) ના પત્રાંક નં. જમીન/વશી/૨૬૬/૯૮ તારીખ ૧૨-૨-૧૯૯૮ થી આવેલ દ. બાસ્તના કાગળો.

૨) જમીન મહેસુલ કાયદાની ક ૫-૬૫ તથા ૬૭-અ

૩) જમીન મહેસુલ નિયમોના નિયમ-૮૧(૨)

૪) સક્ષમ અધિકારી અને અધિ કલેક્ટર (શ.જ.ટો.મ) વડોદરાના પત્ર નંબર : યુએલસી/યુ.૪/ડે.નં. ૧૨૦૦ નાગરવાડા/વશી/૧૦૮૧/૯૭ તા. ૨૮-૧-૯૮

// હુ ક મ //

૧. વડોદરા તાલુકાના નાગરવાડા ગામના સ.નં. ૧૪૯ ની પત્રકમાં જણાવ્યા મુજબની ૨૬૫૭ ચો.મી જમીન શ્રી રણછોડભાઈ નરસિંહભાઈ પટેલના ખાતે ચાલે છે.

૨. સક્ષમ અધિકારીશ્રી અને નાયબ કલેક્ટર વડોદરાએ તેમના હુકમ નં. યુએલસી/ ડે.નં.૧૨૦૦/નાગરવાડા તા.૨૮-૧-૯૨ થી શહેરી જમીન ટોચમર્યાદા ધારાની કલમ-૬(૧) ભરેલ ડેકલેરેશન ફોર્મ ફાઈલ કરેલ છે અને અરજદાર ખાતેદારને ૨૬૫૭ ચો.મી જમીન રાખવાપાત્ર ઠરાવી અને બાકી રહેતી ૨૭૦ ચો.મી જમીન ફાજલ જાહેર કરેલ છે. અને સક્ષમ અધિકારી વંચાણ-૪ ના પત્રથી આ હુકમ સરકારશ્રીમાંથી રીવ્યુ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે.

૩. તેમજ આ કચેરીની ટેનન્સી શાખાના હુકમ નં. ટેન/એ/વશી/૨૩૭૦ થી ૨૩૭૩/૯૯ તા.૧૮-૬-૯૭ થી ગણોતધારાની કલમ-૪૩ મુજબ પ્રતિબંધીત શરતવાળી જમીન રહેણાંક ના મકાનો બાંધવા બીનખેતીના હેતુ માટે શરતફેર કરી આપવામાં આવેલી છે.

૪. વડોદરા મ્યુનિ.કોર્પો. ની રજાચીઠ્ઠી નં. સ.૮/વોર્ડ-૪૧૨/૯૭-૯૮ તારીખ ૩-૨-૯૮ લગત મંજુર થયેલ લેઆઉટ પ્લાન મુજબ બાંધકામની બીનખેતીની પરવાનગી મળતા કબજેદારે તા.૮-૧૨-૯૭ ના રોજ અરજી કરી છે, જેની પહોંચ તા.૨૦-૧૨-૯૭ ના રોજ સ્વીકારવામાં આવી છે.

૫. મામલતદારશ્રી વડોદરાએ તપાસ કરતા આ જમીન ઉપર બીન પરવાનગીનું બાંધકામ કે બીનખેતીનો ઉપયોગ થયો નથી, કબજેદારે પરવાનગી આપતા ઠરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે બિ.ધારો ભરવા સંમતી જવાબ આપેલો છે, તથા દર ચો.મી. ૦૦-૧૨ પૈ. થતાં પ્રવર્તમાન દરે લોકલફંડ તથા શિક્ષણ ઉપકર અને રુપાંતરકર ભરવાની શરતે બીનખેતી પરવાનગી આપવા ભલામણ કરેલ છે.

૬. આ જમીન સંપાદનની કાર્યવાહી હેઠળ નથી એવું જમીન સંપાદન અધિકારીશ્રીઓ એ જણાવેલ છે.

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA
PARTNER

૭. ખાતેદાર દર ચો.મી. રૂ.૫-૦૦ (પાંચ રૂપિયા) ના દરે ચો.મી. ૨૬૫૭ ના રૂપાંતરકરની રકમ રૂા.૧૩,૨૮૫/- તા.૯-૩-૧૯૯૮ ના રોજ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયા માં ૦૦૨૯ જમીન મહેસુલ (૬) કન્વરજનટેક્ષ (મ્યુનિ.સેરોયા) દરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે. તથા માપણી ફીની રકમ રૂા.૨૦૦/- તા.૯-૩-૯ ના રોજ જમા કરાવી પહોંચ નંબર-૨૫ રજુ કરેલ છે.

૮. સબબ મોજે નાગરવાડા તા.વડોદરાના સ.નં.૧૦૯ ના ચો.મી. ૨૬૫૭ ના દરે તારીખે ચો.મી.ના ૦૦-૧૨ પૈ. પ્રમાણે બિ.ધારો તથા અન્ય ઉપકરો પ્રવર્તમાન દરે તારી ૧-૮-૯૭ થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાના શરતે તથા મ્યુનિ.કોર્પો.ની રજાચીઠ્ઠી નં. સા.૮/વોર્ડ-૪૧૨/૯૭-૯૮ તા.૩-૨-૯૮ માં જણાવેલી અને તે લગત મંજુર થયેલા લેઆઉટ પ્લાન મુજબ બાંધકામ કરવાની બીનખેતીના રહેઠાણના હેતુ માટે પરવાનગી આપતા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

// શ ર તો //

(૧) વડોદરા મ્યુનિ.કોર્પો. તરફથી અપાયેલ રજાચીઠ્ઠી નં.સા.૪/વોર્ડ-૪૧૨/ ૯૭-૯૮ તા.૩-૨-૯૮ મુજબની શરતો અને તે લગત મંજુર થયેલ લેઆઉટ પ્લાન માં જણાવ્યા મુજબ બાંધકામ કરવાનું થાય છે, કોઇપણ જાતનું ખુલ્લી જમીન માં અગર વધારાનું બાંધકામ અગાઉથી મ્યુનિ.કોર્પો. ની પરવાનગી મેળવ્યા સિવાય થઈ શકશે નહીં. તથા અત્રેથી મંજુર કરવામાં આવેલ નકશા મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨) ટી.પી.સ્કીમ ફાયનલ થયા બાદ અને મ્યુનિ.કોર્પો. દ્વારા કબજો મળ્યા બાદ ફાયનલ પ્લોટમાં મળતી જમીન બાંધકામ કરવાનું રહેશે.

(૩) અન્ય પ્રવર્તમાન ધારાઓ અંગે પરવાનગી લેવાની રહેશે.

(૪) આ જમીન અંગે શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન અધિનિયમ-૧૯૭૬ મુજબ આ જમીન કે તેનો કોઇપણ ભાગ કે પ્લોટ સરકારને પ્રાપ્ત કરવાનો થાય તો તે પ્રમાણે કરવા સક્ષમ અધિકારીશ્રીના હુકમ મુજબ વર્તવાનું રહેશે અને ન દાવાની કબુલાત મુજબ બાંધકામની કિંમતના વળતરનો હકક થઈ શકશે નહીં કે સરકાર સામે તે અંગે કોઇ વાંધો કે તકરાર લાવી શકશે નહીં કે સરકારને હુકમના કારણે સઘળી જવાબદારીમાંથી મુકત રાખવાની રહેશે

(૫) બાંધકામ શરુ કર્યા તારીખથી એક માસમાં અને બાંધકામ પુરું કર્યા તારીખથી એક માસમાં એમ બન્ને પ્રસંગોએ અત્રે લેખિત જાણ કરવી પડશે.

(૬) આ જમીન ઉપરનું મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી છ માસમાં શરુ કરી ત્રણ વર્ષમાં પુરુ કરવાનું રહેશે તેમ કરવા ચુક થયે પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે. અને વસુલ ભરેલો બિ.ધારો અંગે વગેરે કોઇપણ પરત મેળવવાનો હકક રહેશે નહીં. આ અંગે અપીલનો સમય પુરો થયા બાદ કોઇ હકક રહેશે નહીં.

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA

PARTNER

(૭) રજાચીઠ્ઠી લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાના પ્રસંગે કલેકટરશ્રી હુકમ કરે તે સમયમાં દુર કરવાનું રહેશે. અને તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કબ્જેદારને ખર્ચે દુર કરાવવા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૮) હુકમ થયા તારીખથી છ માસની અંદર કબ્જેદાર જમીન મહેસુલ કાયદામાં જણાવ્યા મુજબ નમુના 'એમ' માં સનંદ ભરી આપવાની રહેશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે. ઉકત સનંદ આપેલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૯) હુકમ થયા તારીખથી બે માસમાં બીનખેતીનો પ્લોટ મપાવી લેવા સીટી સર્વે સુપ્રી.શ્રી વડોદરાને અરજી કરી મામલતદારશ્રીને જાણ કરવાની રહેશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૧૦) જે બાંધકામ કરવામાં આવે તેમાં તુર્ત સળગી ઉઠે તેવો સ્ફોટક પદાર્થ રાખી શકાશે નહીં.

(૧૧) આ પરવાનગી સોસાયટીના કોઈપણ સભ્ય પાસેશહેરી જમીન ટોચમર્યાદા અને નિયમ અધિનિયમ-૧૯૭૬ મુજબ વધારાની જમીન તથા તેવી સ્પષ્ટ કબુલાત અન્વયે આપવામાં આવી છે, અને કોઈપણ સમયે વધારાની જમીન હોય તેવી વ્યકિતઓની સોસાયટી પ્લોટ ફાળવી શકાશે નહીં અને તે વિરુધ્ધ થયાના પ્રસંગે આ પરવાનગી આપોઆપ રદ થશે તથા કલેકટરશ્રી જે પગલાં લેશે તે સોસાયટીને બંધનકર્તા રહેશે.

(૧૨) કોમન પ્લોટ તથા ખુલ્લી જમીન રાખવાની જગ્યામાં બાંધકામ થઈ શકશે નહીં.

(૧૩) સહીયારા કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલીકીની અથવા સર્વ પ્લોટ હોલ્ડરની સહીયારી માલીકીની ગણાશે તે ઉપર મુળ માલીકનો કોઈ હકક રહેશે નહીં.

(૧૪) બાંધકામના નિયમોની જોગવાઈ પ્રમાણે સોસાયટીના સહીયારા ઉપયોગ માટે કલબ ઓફીસરનું મકાન, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટના ૧/૬ જેટલાં ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડર ઇચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકશે.

(૧૫) ઉપર પેરા-૧૪ માં જણાવ્યા સીવાયના કોઈપણ હેતુ માટે તે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકાશે નહીં.

(૧૬) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી, બક્ષીસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહીં.

(૧૭) સાર્વજનીક પ્લોટ/રસ્તા સહીતની સમગ્ર જમીનમાં બીનખેતી આકાર પ્લોટો વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારે અને પ્લોટો વેચાણ કર્યાથી તમામ હોલ્ડર પ્રમાણસર ભરવાની રહેશે.

(૧૮) કોમન પ્લોટ રસ્તાની જમીનનું રાજીનામું આપે ત્યારે બીનખેતી આકાર કમી કરવાનો થાય છે તેમ છતાં રસ્તા અને કોમન પ્લોટનો ઉપયોગ તો સોસાયટીના

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA
PARTNER

રહોશોએ જ સહીયારો કરવાનો રહે છે.

(૧૯) ગોગાયટીએ અંદરના રસ્તાઓની પરવાનગીની તારીખથી ચાર વર્ષમાં પુરા પાકા બાંધવા પડશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૨૦) આ જમીનનો રહેઠાણના હેતુ સિવાય અન્ય ઉપયોગ અગાઉથી કલેકટરશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય થઈ શકશે નહીં, તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે લે.રે.કોડની કલમ-૬૬ મુજબ પગલાં લેવામાં આવશે.

(૨૧) જમીન ઉપર કરવાના સુચિત બાંધકામનો પ્લાન કેન્દ્ર સરકારની નાગરીક ઉડ્ડયન મંત્રાલયના તા.૧૫-૩-૭૯ ના જાહેરનામા દ્વારા મુકવામાં આવેલ પ્રતિબંધો અને જોગવાઈઓ સાથે સુસંગત રહીને તૈયાર કરી સબંધીત સક્ષમ સંસ્થા/સક્ષમ અધિકારી પાસે તે મંજુર કરાવ્યા બાદ મંજુર કરેલા બાંધકામ ના પ્લાન મુજબ બાંધકામ કરવાનું રહેશે, અને આ રીતે કરવામાં આવેલા બાંધકામમાં ભવિષ્યમાં કોઈ ફેરફારો કે સુધારો વધારો કરવાના પ્રસંગે બાંધકામનો પ્લાન મંજુર કરવાના પ્રસંગે તથા તેના અનુસંધાનમાં બાંધકામ કરવાનું થાય ત્યારે કેન્દ્ર સરકારના ઉકત જાહેરનામાની જોગવાઈઓ અને નિયમોનું પાલન થાય તે પ્રમાણે બાંધકામ કે સુધારા વધારા કરવાના રહેશે.

(૨૨) આ જમીનનો વિ.ધારો રહેઠાણના હેતુના ઉપયોગના દર ચો.મી.રૂા.૦-૧૨ પૈ. પ્રમાણે ચો.મી. ૨૬૫૭ નો રૂા.૩૧૮-૯૦ તા.૧-૮-૯૭ થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે પ્રવર્તમાન દરે લોકલફંડ રૂા.૧૫૯-૫૦ પૈસા તથા શિક્ષણ ઉપકર રૂા.૭૯-૮૦ પૈસા વિ.ધારો ઉપરાંત ભરવાનો રહેશે તે અંગે કોઠારુપે પત્રક સામેલ છે. તે મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૩) માપણી થયેથી જમીનમાં વધ-ઘટ થશે તો તે ઉપરનો વિ.ધારો તથા અન્ય કરો નિયમોનુસાર ભરવો પડશે.

(૨૪) ઉપરની કોઈપણ શરત અંગર સંદર્ભમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયા પ્રસંગે જમીન મહેસુલ કાયદામાં જણાવેલી શિક્ષાને કબજેદારે પાત્ર બને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

સહી/- (રાજીવકુમાર ગુપ્તા)
કલેકટર, વડોદરા.

રવાના કર્યુ
કલેકટર, વડોદરા વતી

(જીલ્લાના કલેકટરશ્રી કચેરી, વડોદરા)

રજી.પો.એ.ડી.થી.

પ્રતિ,
શ્રી રણછોડભાઈ નરસિંહભાઈ પટેલ,
રહે. મેટફળિયા નાગરવાડા, વડોદરા તરફ.

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RFRA
PARTNER

નકલ રવાના : ગ્રામ અધિકારીશ્રી અને અધિક કલેકટરશ્રી (શ.જ.ટો.મ)વડોદરા તરફ.

નકલ બે પ્રતમાં કામના કાગળો સાથે રવાના : મામલતદારશ્રી,વડોદરા (શહેર) તરફ

૨/- એક પ્રત તા.ન.નં.૪ માં ઉપજની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા વિ.ધારાની રકમ સને ૬૭-૬૮ ના હિસાબોમાં બાંધવા ગામ નાગરવાડા તા.ન.નં.૨ તથા ૭/૧૨ માં વિ.ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારું.

<u>નકલ રવાના</u> :-

- ડી.ઈ.લે.રે.શ્રી, વડોદરા તરફ.
- સીટી સર્વે સુપ્રિ.શ્રી વડોદરા યુનીટ નં.૩ તરફ કામના કાગળોસહ રેકર્ડ ઓફ રાઈટસ અન્વયે આગળની કાર્યવાહી થવા સારું અને માપણી કરી વધ-ઘટ હોય તો જણાવવા સારું.
- બિનખેતી મામલતદારશ્રી, વડોદરા તરફ.

નકલ : નાયબ નગર આયોજન અધિકારીશ્રી, નર્મદા ભુવન, વડોદરા તરફ.

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA

PARTNER

મોજે. નાગરવાડા તા.વડોદરા ના સર્વે નંબર : ૧૪૯ વાળી જમીનની બીનખેતીની પરવાનગીનું પત્રક

બીનખેતીની પરવાનગી માગેલ જમીનનો સર્વે નંબર, ક્ષેત્રફળ તથા કબજેદારનુ નામ	બીનખેતીની પરવાનગી માંગેલ જમીન નું ક્ષેત્રફળ	નિયમ મુજબ લેવાનો વિશેષધારાના દર	વસુલ કરવાની વિશેષધારા ની રકમ	રુપાંતરકર લેવાની વિગત	શિક્ષણ ઉપકર ૪ ની રકમ	લોકલફંડ ની વિગત	કોલમ-૪ નો વિ. ધારો કઈ તારીખથી લેવાનો છે તેની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે. નાગરવાડા તા. વડોદરા સ.નં. ૧૪૯ ચો.મી. ૨૬૫૭ રણછોડભાઈ નરસિંહભાઈ પટેલ	૨૬૫૭ ચો.મી ફ્રીહોલ્ડ	રહેણાકના હેતુના દરે દર ચો.મી. ના ૦-૧૨ પૈસા પ્રમાણે	૩૧૮-૯૦ (ત્રણસો અઢાર રુપિયા ને નેવુ પૈસા)	૧૩૨૮૫-૦૦ (તેરહજાર બસો પંચાસી રુપિયા)	૭૯-૮૦ (ઓગણાએંસી રુપિયાને એંસી પૈસા)	૧૫૯-૫૦ (એકસો ઓગણસાઈઠ રુપિયાને પચાસ પૈસા)	૧-૮-૯૭ થી

નોંધઃ રુપાંતરકરની રકમ રુા.૧૩૨૮૫-૦૦ (અંકે રુપિયા તેરહજાર બસો પંચાસી રુપિયા પુરા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા વડોદરામાં ચલનથી તા.૯/૩/૧૯૯૮ ના રોજ જમા કરાવવામાં આવેલ છે.

રવાના કર્યું

કલેકટર, વડોદરા વતી

સહી/ રાજીવકુમાર ગુપ્તા.
કલેકટર વડોદરા

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA
PARTNER

નં.બી.પ.નોંધ/ર/[illegible]-૯ | નં.જે-ડ/ડી/વશી/૧૯૨૧ થી ૩૦/૯૮
કલેકટર કચેરી, વડોદરા.
તારીખ. ૨૨-૭-૧૯૯૮

વાંચ્યા :-

(૧) મામલતદારશ્રી વડોદરા (શહેર) વડોદરાના પત્રાંક જાવક અંક:જમીન/વશી/૨૮૧૨/૯૭ તા.૯-૧૦-૧૯૯૭ થી આવેલ દરખાસ્તના કાગળો.
(૨) જમીન મહેસુલ કાયદાની કલમ-૬૬ તથા ૬૭-એ
(૩) જમીન મહેસુલ નિયમોના નિયમ-૮૧(૨)

:: હુ કમ ::

(૧) વડોદરા તાલુકાના નાગરવાડા ગામના સ.નં.૧૪૮ ૧૫૮,૧૬૦, ૧૬૨/૪, ૧૬૨/૫ તથા ફાઈનલ પ્લોટ નં.૨૮૯ ની કુલો મળીને ચો.મી.૯૧૨૬ જમીન શ્રી વિઠ્ઠલભાઈ મથુરભાઈ પટેલ મયત ના વારસદારો સવિતાબેન તે વિઠ્ઠલભાઈ મથુરભાઈ ખાતે ચાલે છે.

(૨) ઉકત જમીન ખેતીની હોવા છતાં તે પૈકી ૯૧૨૬ ચો.મી.જમીનમાં બીનપરવાનગીથી બીનખેતીનો ઉપયોગ કરેલાનું મામલતદારશ્રી વડોદરા (શહેર) વડોદરા તરફથી થયેલ તપાસમાં જણાઈ આવતાં આ પ્રકરણ ઉપસ્થિત થયેલ છે.

(૩) આ અંગે ખાતેદારે વડોદરા મહાનગરપાલીકા વડોદરાથી બીલ્ડીંગ પ્લાન મંજુર કરાવી બાંધકામ કરવાની રજાચીઠી નં.વોર્ડ-૯એલ-૧૭૧/૯૪-૯૫ તા.૨૩/૨/૯૫ ની મેળવીને તે અનુસાર સ્થળે બાંધકામ લગતની પ્રવૃતિ શરુ કરી પાયાનું ખોદકામ કરી તથા તે બાંધકામને લગતો માલસામાન જમીન ઉપર ઉતારી બીનખેતીનો બીનપરવાનગીથી ઉપયોગ કરેલાનું મામલતદારશ્રી બીનખેતી વડોદરા તરફથી સ્થળ તપાસમાં જણાઈ આવેલ છે.

(૪) સક્ષમ અધિકારીશ્રી વડોદરાના હુકમ નં.યુએલસી/૧૦૬૬/૧૧૧૫-ડી/સ્કીમ નં.૮૧૪,૮૧૫,૮૧૬ ડે.નં.૨૪૭૯/નાગરવાડા તા.૧૭/૧૦/૯૪ થી શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૨૧(૧) હેઠળ યોજના મંજુર કરાવેલ છે.

(૫) જમીન જુની શરતની ધરખેડાની છે અને ખાતેદાર પોતે બાંધકામ કરતાં હોઈ ગણોતધારા હેઠળ મંજુરી મેળવવાનો પ્રશ્ન રહેતો નથી.

(૬) મામલતદારશ્રી બીનખેતી વડોદરાનાએ તપાસ કરતાં ઉકત જમીન ૯૧૨૬ ના ચો.મી.જમીન બીનપરવાનગીથી બીનખેતીનો ઉપયોગ કરેલાનું ખાતેદાર ખુદ કબૂલ કરેલ હોઈ ઉકત બીનપરવાનગીનું બાંધકામ નિયમબધ્ધ કરી આપવામાં કરાવવામાં આવે તે શરતો મુજબ વર્તવા તથા ઠરાવે તે વિ.ધારો રુપાંતરકર તથા દંડ વિગેરે ભરવા સંમતી જવાબ આપેલો છે તે નક્કી કરેલ ચો.મી.દીઠ રૂ.૦-૧૨ ન.પૈ.પ્રમાણે થતાં

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA
PARTNER

પ્રવર્તમાન દરે વિ.ધારો તથા તે ઉપરાંત અન્ય ઉપકરો તથા ચો.મી. ૯૧૨૬ વાળી જમીનમાં બીનપરવાનગીથી બીનખેતીનો ઉપયોગ કરેલ હોઈ તેના વિ.ધારાના ૪૦ પટ દંડ રૂા.૪૩૮૦૮/- લઈ બાંધકામ નિયમબધ્ધ કરી આપવા ભલામણ કરેલ છે.

(૭) ખાતેદાર દર ચો.મી. રૂા.૫/- પ્રમાણેના દરે ચો.મી.૭૬૬૩ ના રૂા.કર રૂા.૩૮૩૧૫/- તા.૨૩/૨/૯૮ થી તથા ફા.પ્લોટ.૨૮૯ ના ૧૪૬૩ ચો.મી.નાં રૂા.કર ૭૩૧૫ તા.૧૧/૭/૯૮ થી ભરેલ છે. જે મળીને કુલ્લે: રૂા.૪૫૬૩૦/- સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયામાં ૦૦૨૯ સદરે જમા કરાવી અસલ ચલન રજુ કરેલ છે. તથા ૭૬૬૩ ચો.મી. વાળી જમીનમાં બીનપરવાનગીથી બીનખેતીનો ઉપયોગ કરેલ હોઈ તેના દંડની રકમ ૩૬૭૮૪ તલાટી કમ મંત્રીશ્રી નાગરવાડા ના કાર્યાલયમાં પહોચ નં.૨૯ તા.૪/૩/૯૮ તથા ૧૪૬૩ ચો.મી.વાળી જમીનના દંડની રકમ ૭૦૨૪/- તલાટી કમ મંત્રી શ્રી નાગરવાડા કાર્યાલયમાં પહોચ નં.૧૧૧ તા.૧૫/૭/૯૮ થી કુલ્લે દંડની રકમ રૂા. ૪૩૮૦૮/- પુરા જમા કરાવી તે પહોચની અસલ ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. તથા માપણી ફી ની રકમ ૨૦૦/- સુપ્રી.શ્રી સીટી સર્વેના કાર્યાલયમાં પહોચ નં.૨૪ તા.૭/૩/૯૮ થી તથા ફા.પ્લોટ નં.૨૮૯ ના માપણી ફી ની રકમ રૂા.૨૦૦/- સુપ્રી.શ્રી.સીટી સર્વેના કાર્યાલયમાં પહોચ નં.૧૩ તા.૧૩/૭/૯૮ થી જમા કરાવી પહોચની અસલ ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

(૮) સબબ મોજે.નાગરવાડા તા.વડોદરાના સ.નં.૧૪૮ ,૧૫૮,૧૬૦, ૧૬૨/૪,૧૬૨/૫ ફાઈનલ પ્લોટ નં.૨૮૯ ની કુલ્લે ચો.મી.૯૧૨૬ વાળી જમીનમાં બીનપરવાનગીથી બીનખેતીનો ઉપયોગ કરી કરેલ બાંધકામ ૦૦-૧૨ પૈસા મુજબ વિ.ધારો તથા અન્ય ઉપકરો પ્રવર્તમાન દરે તા.૧-૮-૯૪ થી બીજો હુકમ થતાં સુધી દર વર્ષે ભરવાની શરતે બાંધકામ નિયમબધ્ધ કરી આપવા નીચેની વધુ શરતોને આધીન હુકમ કરવામાં આવે છે.

:: શ ર તો ::
::::::::::::

(૧) વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી અપાયેલ રજાચીઠી નં.વોર્ડ-૯/ સેલ-૧૭૧/૯૪-૯૫ તા.૨૩/૨/૯૫ મુજબની શરતો અને તે લગત મંજુર થયેલ લેઆઉટ પ્લાનમાં મુજબ બાંધકામ નિયમબધ્ધ થાય છે અને તે મુજબ પુરૂ કરવાનું રહેશે. કોઈપણ જાતનું ખુલ્લી જમીનમાં અગર વધારાનું બાંધકામ અગાઉથી મ્યુનિ.કોર્પો.ની પરવાનગી મેળવ્યા સિવાય થઈ શકશે નહી તથા અગાઉથી મંજુર કરવામાં આવેલ નકશા મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨) અન્ય પ્રવર્તમાન ધારાઓ અંગે પરવાનગી લેવાની થતી હો તો તે કબજેદારે લેવાની રહેશે.

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RFRA
PARTNER

(૩) બાંધકામ પુરુ કર્યા તારીખથી એક માસમાં એકે લેખિત જાણ કરવી પડશે.

(૪) આ જમીન ઉપરનુ મંજુર થયા પ્રમાણે બાંધકામ આ હુકમ થયા તારીખથી ૧૬/૧૦/૯૯ સુધી પુરુ કરવાનું રહેશે તેમ કરવા ચૂક થયે પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે અને વસુલ ભરેલ વિ.ધારો વગેરે કોઇપણ પરત મેળવવાનો હકક રહેશે નહી. આ અંગે અપીલનો સમય પુરો થયા બાદ કોઇ હકક રહેશે નહીં.

(૫) રજાચીઠી કે લેઆઉટ પ્લાન વિરુધ્ધ બાંધકામ થયાના પ્રસંગે કલેકટરશ્રી આપે તે સમયમાં દૂર કરવાનું રહેશે અને તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કબજેદારને ખર્ચે દુર કરાવવા અને ખર્ચ જમીન મહેસુલ બાકી રાહે વસુલ કરવાપાત્ર થશે અને કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૬) હુકમ થયા તારીખથી ૬-માસની અંદર સોસાયટી : કબજેદારે જમીન મહેસુલ કાનુનમાં જણાવ્યા મુજબ નમુના 'એમ' માં સનંદ ભરી આપવાની રહેશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવાનો રહેશે. ઉકત સનંદ અપીલનો સમય પુરો થયા બાદ ભરી આપવાની રહેશે.

(૭) હુકમ થયા તારીખથી બે માસમાં બીનખેતીનો પ્લોટ મપાવી લેવા મામલતદારશ્રીને જાણ કરવાની રહેશે તે વિરુધ્ધ વર્તન થયાના પ્રસંગે કલેકટરશ્રી ઠરાવે તે દંડ ભરવો પડશે.

(૮) જે બાંધકામ કરવામાં આવે તેમાં તુર્તજ સળગી ઉઠે તેવો સ્ફોટક પદાર્થ રાખી શકાશે નહી.

(૯) સહીયારા/કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલીકીની અથવા સર્વપ્લોટની સહીયારી માલીકીની ગણાશે તે ઉપર મુળ માલીકનો કોઇ હકક રહેશે નહી.

(૧૦) બાંધકામના નિયમોની જોગવાઇ પ્રમાણે સોસાયટીના સહીયારા ઉપયોગ માટે કલબ ઓફીસ સામકાનો, સહકારી ભંડાર બાંધવા કોમન પ્લોટના ૧/૬ જેટલા ભાગના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા પ્લોટ હોલ્ડર ઇચ્છે તો મંજુરી મેળવી તેમ કરી શકશે.

(૧૧) ઉપર (૧૦)માં જણાવ્યા સિવાયના કોઇપણ હેતુ માટે તે સાર્વજનિક ઉપયોગ હોય તો પણ કોમન પ્લોટમાં બાંધકામ કરી શકાશે નહી.

(૧૨) રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી, બક્ષીસથી, કે અન્ય કોઇ રીતે વેચાણ કે તબદીલ થઇ શકશે નહી.

(૧૩) સાર્વજનિક પ્લોટ/રસ્તા સહીતની સમગ્ર જમીનનો બીનખેતી આકાર, પ્લોટો, વેચાણ કરવામાં આવે જયાં સુધી મુળ ખાતેદારે અને પ્લોટો વેચાણ કર્યાથી તમામ પ્લોટો હોલ્ડર પ્રમાણસર ભરવાની રહેશે

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RFRA

PARTNER

(૨૩) જમીન ઉપર કરવાના સુચિત બાંધકામના પ્લાન કેન્દ્ર સરકારની નાગરીક ઉડ્ડયન મંત્રાલયના તા.૧૫-૩-૭૯ ના જાહેરનામા ધ્વારા મુકવામાં આવેલ પ્રતિબંધો અને જોગવાઈઓ સાથે સુસંગત રહીને તૈયાર કરી સબંધીત સક્ષમ અધિકારી પાસે તે મંજુર કરાવ્યા બાદ મંજુર કરેલા બાંધકામના પ્લાન મુજબનું બાંધકામ કરવાનું રહેશે. અને આ રીતે કરવામાં આવેલા બાંધકામમાં ભવિષ્યમાં કોઈ ફેરફારો કે સુધારો વધારો કરવા અંગે બાંધકામના પ્લાન મંજુર કરવાના પ્રસંગે તથા તેના અનુસંધાનમાં બાંધકામ કરવાનું થાય ત્યારે કેન્દ્ર સરકારની ઉક્ત જાહેરનામાની જોગવાઈઓ અને વિભાગોનું પાલન થાય તે પ્રમાણે બાંધકામ કે સુધારો વધારો કરવાનો રહેશે.

(૨૪) ઉપરની કોઈપણ શરત અગર સનંદમાં જણાવેલી શરતો પૈકી કોઈપણ શરતોનો ભંગ થવાના પ્રસંગે જમીન મહેસુલ કાયદા કાનુનમાં જણાવેલી બીજી શિક્ષાને કબજેદાર પાત્ર બને તેનો બાધ લીધા સિવાય કલેકટરશ્રી જે પગલાં લેશે તે કબજેદારને બંધનકર્તા રહેશે.

સહી / અનીલ મુકીમ.
કલેકટર, વડોદરા.

રવાના કર્યુ.

કલેકટર, વડોદરા વતી.

રજી.પો.એડી.થી.

પ્રતિ

શ્રી વિઠ્ઠલભાઈ મથુરભાઈ પટેલના મૈયત વારસદારો
સવિતાબેન તે વિઠ્ઠલભાઈ મથુરભાઈ ની વિધવા વિ.ના
કુ.મુ. કનુભાઈ નરસિંહ ભાઈ અમીન

૧. નકલ સલામ સાથે રવાના: સક્ષમ અધિકારીશ્રી વડોદરા તરફ
૨. નકલ બે પ્રતમાં રવાના મામલતદારશ્રી વડોદરા તરફ
એક પ્રત તાલુકા નમુના નં.૪ માં ઉપજ તથા દંડની નોંધ કરાવી ગામ દફતરે રાખવા મોકલવા તથા બિ.ધારા તથા દંડની રકમ સને ૧૯૯૪-૯૫ ના હિસાબોમાં સાધવા ગામ તાલુકા ન.નં.૨ તથા ૭/૧૨ માં બિ.ધારાની નોંધ કરાવવા અને નિયમ પ્રમાણે આગળની તજવીજ કરવા સારૂ.
૩. નકલ રવાના ડી.ઈ.લે.રે.શ્રી વડોદરા તરફ
૪. નકલ રવાના સીટી સર્વે સુપ્રી.શ્રી વડોદરા યુનીટ નં-૩ તરફ કામના કાગળોસહ રેકર્ડ ઓફ રાઈટસ અન્વયે આગળની કાર્યવાહી કરવા સારૂ.
૫. નકલ રવાના બીનખેતી મામલતદારશ્રી વડોદરા તરફ
૬. નકલ રવાના નાયબ નગર આયોજક અધિકારીશ્રી નર્મદા ભુવન, વડોદરા તરફ

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA
PARTNER

મોજે.નાગરવાડા તા.વડોદરાના સર્વે નંબર.૧૪૮ ૧૫૮, ૧૬૦, ૧૬૨/૪, ૧૬૨/૫ તથા ફા.પ્લોટ.નં૨૮૯ વાળી જમીનની બીનખેતીની પરવાનગી અંગેનું પત્રક

બીનખેતીની પરવાનગી મળેલ જમીનનો સર્વે નંબર, ક્ષેત્રફળ તથા ઉપભોક્તાનું નામ	બીનખેતીની પરવાનગી મળેલ જમીનનું ક્ષેત્રફળ	નિયમમુજબ લેવાનો વિશેષધારાના દર	વસુલ કરવાની વિશેષધારા ની રકમ	રૂપાંતર કર લેવાની વિગત	શિક્ષા ઉપકર ની રકમ	લોકલફંડની વિગત	કોલમ-૪ નો વિ. ધારો કઈ તારીખ થી લેવાનો છે તેની વિગત.
૧	૨	૩	૪	૫	૬	૭	૮
મોજે. નાગરવાડા તા.વડોદરા ના સ.નં.૧૪૮ ૧૫૮, ૧૬૦, ૧૬૨/૪, ૧૬૨/૫ તથા ફા.પ્લોટ.૨૮૯ નું કુલ્લે ૯૧૨૬ ચો.મી.ક્ષેત્રફળ વિઠ્ઠલભાઈ મથુરભાઈ પટેલ ના મૈયત ના વારસદારો સવિતાબેન વિઠ્ઠલભાઈ પટેલ ના કુ.મુ. અંબુભાઈ નરસિંહભાઈ અમીન	૯૧૨૬ ચો.મી. (કુલ્લે-૨૧ હેક્ટ)	રહેણાંક હેતુના દરે દર ચો.મી. ના ૦-૧૨ પૈસા પ્રમાણે.	૧૦૯૫-૨૦ (અંકે રુપિયા એક હજાર પચ્ચાણુ અને વીસ પૈસા પુરા)	૪૫૩૬૦/- (અંકે રુપિયા પીસ્તાલીસ હજાર છસ્સો ત્રીસ પુરા)	૨૭૩-૮૦ (અંકે રુપિયા બસો તોતેર અને એંસી પૈસા પુરા)	૫૪૭-૬૦ (અંકે રુપિયા પાંચસો સુડતાલીસ ને સાઠ પૈસા પુરા)	૧-૮-૯૪ થી

નોંધ: રૂપાંતરકરની રકમ રૂા.૩૮૩૧૫/- (અંકે રુપિયા આડત્રીસ હજાર ત્રણસો પંદર પુરા) સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા વડોદરામાં ચલણથી તા.૨૩/૨/૯૮ તથા રૂ.૭૩૧૫/- (અંકે રુપિયા સાતહજાર ત્રણસો પંદર પુરા) સ્ટેટ બેંક વડોદરામાં ચલણથી તા.૧૧/૭/૯૮ ના રોજ જમા કરાવેલ છે તથા દંડની રકમ રૂ.૩૬૭૮૪/- તા.૪/૩/૯૮ ના રોજ તથા રૂ.૭૦૨૪/- તા.૧૧/૭/૯૮ ના રોજ જમા કરાવેલ પહોંચ રજુ કરતાં ઉપરોક્ત બાંધકામ નિયમબધ્ધ કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ATTESTED COPY
Executive Magistrate
Vadodara.

રવાના કર્યું.
કલેકટર,વડોદરા વતી.

વડોદરા જિલ્લાના કલેક્ટરની કચેરી

સહી/ અનીલ મુકીમ.
કલેકટર, વડોદરા

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA
PARTNER

Gayatri Developers

3rd Floor, Kalind Complex,
Near Amit Nagar Circle
Vip Road, Karelibaug,
Vadodara - 22
Mo : 98250 78958

Date-20/10/2021

To,
Gujarat Real Estate Regulatory Authority
4th Floor, Sahyog Sankul,
Sector – 11, Gandhinagar – 382010

Subject: CLARIFICATION FOR AIRPORT NOC

FIRM NAME-GAYATRI DEVELOPERS

PROJECT NAME-SHANTI KUNJ

ACKNOWLEDGEMENT NO.-PR/VADODARA/VADODARA/GUJRERA/211004/011668

Respected Sir/Madam,

With reference to above subject, I would like to inform you that as per our approved layout plan AIRPORT NOC is not applicable in this project. As the project is low rise heights of building.

I hope the above clarifications serve your purpose.

Thanking you.

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA

PARTNER

અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ

વડોદરામહાનગરપાલિકા

દાંડીયા બજાર, વડોદરા .૩૯૦ ૨૦૯ + ૧૨

ફોનઃ ૨૪૧૩૬૩૫, ૨૪૧૩૭૫૨

૨૪૨૦૮૮૧, ૨૪૧૩૭૫૩

ફેકસઃ (૦૨૬૫-૨૪૨૦૮૮૧)

મહાનગરપાલિકા / FSPA

અ.તા.સે.જા.નં.૨૯૨૪/૨૦-૨૧

તા. ૨૯-૦૧-૨૦૨૧

૩૪૧૧

પ્રતિ,

શ્રી કુંજભાઈ પટેલ

નાગરવાડા વડોદરા.

વિષયઃ : મોજેઃ નાગરવાડા વડોદરા, સર્વે નં.-૧૪૮, વાળી જમીનમાં કોમર્શીયલ / રેસીડેન્સીયલના હેતુ માટે હાઈ-રાઈઝ બિલ્ડીંગ "શાંતિકુંજ" ઉચાઇ ૨૪.૪૫ મીટર,બેઝમેન્ટ+ગ્રાઉન્ડ+૦૭ માળ,ટાવર-૦૨(A,B) નાં બાંધકામ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું ફાયર સેફટી અપૃવ પ્લાન આપવા બાબત.

અનુસંધાનઃ આપશ્રી તરફથી અ.તા.સે.આ.નં. / ૬૨૬૩ / તા. ૨૭-૦૧-૨૦૨૧ થી અત્રેની શાખાએ રજૂ કરેલ નકશા સહીત ફાઇલ.

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં સવિનય સહ જણાવવાનું કે, આપશ્રી તરફથી તા. ૨૭-૦૧-૨૦૨૧ નાં રોજ અત્રેની કચેરીએ પત્ર તથા નકશા સહીત ફાઇલ રજૂ કરી ઉપરોકત વિષયમાં દર્શાવેલ સ્થળ માટે અગ્નિ શમન અને તાત્કાલિક સેવાઓ વિભાગનું ફાયર સેફટી અપૃવ પ્લાન મેળવવા માંગણી કરવામાં આવેલ છે. તે સંદર્ભે સદર હાઈ-રાઈઝ, કોમર્શીયલ / રેસીડેન્સીયલ બિલ્ડીંગમાં ફાયર ફાઇટીંગની સુવિધાઓ કરવા અંગે આ સાથે સામેલ સૂચનો જાહેર સલામતી માટે આપવામાં આવે છે. જેનો ચૂસ્ત અમલ GDCR અનુસાર કરવાનો રહેશે.

સદર સામેલ સૂચનોની પૂર્તતા થયા બાદ તેમજ TDO પત્ર રજૂ કરવો, નિયમાનુસાર અરજી કરી લાગત ભર્યા બાદ અત્રેથી ફાયર સેફટી સર્ટીફીકેટ આપવામાં આવશે.

T D O પત્ર/રજાચીઠી માં દર્શાવેલ નામ,નંબર (FP /OP /RS /CITY SERVE) નો ઉલ્લેખ ફાયર સર્ટીફીકેટ માં કરવામાં આવશે.આ સિવાયના નામ અને નંબર બાબતે કાયદાકીય ગુચ માટે અગ્નિસમન અને તત્કાલિક સેવા વિભાગ જવાબદાર રહેશે નહિ.

નોધ:- ૧. સને ૨૦૧૭ અગાઉના બિલ્ડીંગોમાં સ્થળ તપાસ દરમ્યાન CGDCRના નિયમોને અનુસરી અત્રેના સુચન પ્રમાણે જરૂરી જણાય તે મુજબનો બાંધકામમાં ફેરફાર કરવાનો રહેશે.

(પાર્થ બ્રહ્મભટ્ટ)

હ. ચીફ ઓફિસર (ફાયર)

મહાનગરપાલિકા

વડોદરા

નકલ રવાનાઃ શ્રી ટાઉન ડેવલપમેન્ટ ઓફીસર. મહાનગરપાલિકા. વડોદરા... નિયમ પ્રમાણે આગળની કાર્યવાહી કરવા સારૂ.

GAYATRI DEVELOPERS SHANTIKUNJ RERA

PARTNER

E:\suresh\Provisional\Format_Provisional.docx

General Requirement for Buildings:

- In reference to Chapter 4 of National Building Code of India all rules to be followed for Fire and Safety.
- Every tower should have 4inch Diameter GI pipe with Wet Riser system properly painted in red also Pipes which are underground should be covered and coated.
- On every floor of tower there should be proper Hose Box with Hose pipe of 63mm Diameter 1 Branch pipe with Valve on riser line. This condition should be applicable to all tower in case of multiple towers.
- Fire alarm should be placed on each and every floor, which should be audible to entire tower in case of emergency.
- 6KG Capacity ABC Stored pressure Fire Extinguisher & CO2 fire extinguisher of 9Ltr Capacity 1 on every floor with ISI approved "Certificate" with Tower name.
- Courtyard/Margin should be as per standard and motorable road should be obstacle free for Hydraulic Elevated Platform to work in case of fire. (As per Drawing)
- Staircase should be constructed in such a way that Travel Distance should not exceed 22.5 Meters between two Staircase
- For hollow parking sprinkler system is must with Yard Hydrant.
- Emergency Close Valve to be placed at Height of 4 Feet on Fire Hydrant Raiser line in each tower.
- All Fire Fighting Instruments irrespective to size must have Buildings name engraved or painted on it.
- All side of the Construction site should be clear for operation by Fire Department in case of emergency, In case if there are any Telecom Electric or Trees planted such obstacles should be cleared.
- All Drain covers and flooring within premises should be of heavy duty with minimum load baring capacity of 25 Tons if building is below 45 meters height and 50 Tons if building is above 45 Meters.
- Four way collecting head should be out of premises but on front side of tower, and Two Way collecting head for each tower separately.
- Proper Ventilation should be taken care of, Smoke management system should be connected with generator.
- Emergency Lift, Staircases, Ramp, Water tank OH/UG (Inlet should be connected to VMC water supply line), Passage & Corridors should be kept as per guideline of NBC 2016. (Applicable to 18 Meters & above: Every Tower should have Individual Underground water tank with Capacity of 1 Lakh Liters and Overhead tank with Capacity of 20000 Liters contacted to Fire Pump supported by Generator/Diesel Pump. Testing of water pressure will be done once pump is connected with GEB & Generator connection)
- In case of any specific suggestion or changes guided by Chief Fire Officer should also be done on priority basis.
- Fix Firefighting systems & instruments should be of ISI Standards.
- GEB Transformers should not be in morotable road.
- The Highest point of the tower should have approved Lightning arrester.
- FSC will be issued for the purpose that is mentioned at time of application if the structure is used for other then mentioned one, the Given FSC will stand terminated
- Entrance gate of the society should be minimum 6 Meters in width and 5Meters in height.
- In case if you are appointing Fire Safety Vendors they should Registered Fire Vendors.
- If Floor area is big, than for every Staircase there should be separate Riser Line.
- Isolation Valve with Two way collecting head to be placed on all Raiser Line.
- 3KG Flow pressure on terrace should be maintained.
- Smoke management system should be installed in basement with sprinklers system in case if area if more than 200 Sq. meters.
- Basement, Semi Basement and Second Basement all should have positive air pressure.
- External Staircase should be made available in case if needed or instructed.
- ACP/Glass facade elevation should be properly Ventilated and Openable on every floor. Glass quality for elevation should be as per standards of NBC for which certificate need to be provided.
- In case of Roof top shades be it any material are used it should be done such a way that they should not be obstacle in case of Fire Emergency.
- Electric wiring/cable installed in the premises should be as per Electricity Acts & Rules and should be tested from Government approved Electrical Inspector.
- Roads construction should be as it is mentioned/presented in plan. Quality of road should be of either Bituminous or Concrete.
- All Fire Signage should be installed with Emergency Evacuation plan (Auto Glow).
- Sky light wired Glass should be minimum of 30 minutes fire resistance as per NBC and certificate for the same to be produced.
- HFL Levels should be maintained at time of Construction (D-Watering pumping System should be installed).
- If construction work is not completed within 3 years from the date of Opinion certificate issued, in such case NOC will be considered as terminated.
- If any wrong information if provided for the road in the given Map NOC will not be considered valid.
- Other than Special Building construction like Residential Building, Commercial Building, Residence + Commercial, School/College, Hospitals, Hotel/Restaurants/Party Plot/Petrol Pump/ Classes and any others places where public gatherings are done will have to follow all above given instruction at all time in case of violation the issued NOC will be "Canceled".

I ______________________ the undersigned have read and understood all the above instructions.

Designation of Receiver: ______________
Contact details: ______________
VFES/FSAP/OUTWARD: 2924/20-21
Date: 29-01-2021

Receivers Signature

GAYATRI DEVELOPERS SHANTI KUNJ RERA

PARTNER